R.N.I. No. : GUJGUJ/2000/447-

Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રી: પ્રકાશ ધોળકીયા

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-27 • ISSUE: 46 DATE: 017-11-18• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

આપનું લવાજમ બાકી છે?હા ( ) ( )-ના ( )

If undelivered pl. return to;

કાર્યાલય :૨/૧૦ સોનિચી એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## શ્રીલંકામાં રાજકીય કટોકટી પરાકાષ્ઠાએ: સાંસદોએ છુટ્ટા હાથની મારામારી કરીને સંસદની ગરીમા લજવી

શ્રીલંકાની સંસદમાં રાજપક્ષે અને વિક્રમાસિંઘેના ટેકેદારો વચ્ચે છુટ્ટા હાથની મારામારીના વરવા દ્શ્યો સર્જાયા હતા.વડાપ્રધાનપદ માટે બાખડેલા બે જુથો વચ્ચે મારામારી થઈ હતી.શ્રીલંકામાં પીએમ રાજપક્ષોની સરકારને સંસદામાં વિશ્વાસનો મત નહીં મળતાં સંસદના સ્પીકર દ્વારા હટાવવામાં આવ્યા હતા.ત્યારબાદ રાજકીય સંકટ વધુ ઘેરુ બન્યું હતું.

હાલમાં ત્યાં કાયદેસર રીતે કોઈ વડાપ્રધાન નથી.પીએમ પદ પરથી હટાવેલા રાજપક્ષેએ દાવો કર્યો હતો કે વડાપ્રધાનની નિયુક્તિ કે હટાવવાનો અધિકાર સ્પીકરને નથી.આ પછી રાજપક્ષેના ટેકેદારોએ સ્પીકર પર પાણીની બોટલો અને પુસ્તકો ફેક્યા હતા.

૨૬ ઓકટો.રાષ્ટ્રપ્રમુખ સિરિસેના દ્વારા પીએમપદ પ રથી વિક્રમાસિંઘને હટાવીને રાજપક્ષેને પીએમ બનાવાયા હતા.ત્યારથી રાજકીય સંકટ ઘેરુ બન્યું હતું.

શ્રીલંકાના પીએમ મહિન્દ્રા રાજપક્ષેએ દાવો કર્યો હતો કે સ્પીકર પાસે ધ્વનિમતથી તેમને હટાવવાનો અધિકાર નથી. સંસદમાં રાજપક્ષે વિરુધ્ધનો અવિશ્વાસ પ્રસ્તાવ પાસ થયો તે પછી મામલો બિચક્યો હતો.બંને પક્ષો સત્તા પર રહેવા માટે મરણિયા બન્યા હતા.

ફરી બોલાવાયેલ સંસદમાં સ્પીકરે કહ્યુ હતું કે દેશમાં સરકાર જેવું કશું નથી.અહીં કોઈ વડાપ્રધાન નથી કેબિનેટ નથી. પછી ભલે તે રાષ્ટ્ર પ્રમુખ દ્વારા નિયુક્ત કરવામાં આવેલા રાજપક્ષે હોય કે તેમના હરિફ વિક્રમાસિંઘે હોય. રાજપક્ષેએ સ્પીકરના નિર્ણયને ફગાવ્યો હતો.અને કહ્યુ કે કોઈ મહત્વનો નિર્ણય ધ્વનિમતથી લઈ શકાય નહીં.સ્પીકરને વડાપ્રધાનને નિયક્ત કરવાનો અધિકાર નથી.

## ભીમા કોરેગાંવ કેસમાં દાખલ કરાયેલી ચાર્જશીટમાં દાવો કરાયો હતો કે માઓવાદીઓએ મોદીની હત્યાનું કાવતરુ કર્યુ હતું

કેટલાક માઓવાદી નેતાઓએ વડાપ્રધાન મોદીની હત્યાનું કાવતરુ કરી રહ્યા છે અને તેમણે દેશ સામે યુધ્ધ છેડવા માટે શસ્ત્રો અને દારુગોળા મેળવવાની યોજના કરી હતી તેઓ દાવો પુણે પોલીસે અલગાર પરિષદ કેસમાં ફાઈલ કરેલી તેની ચાર્જશીટમાં કર્યા છે. પોલીસે એવું પણ કહ્યુ છે કે આ માઓવાદીઓ દલિતોને એકત્ર કરીને તેમને ઉશ્કેરવાનો પ્રયાસ કરી રહ્યા છે.અને ગત વર્ષ ડિસેમ્બરમાં યોજાયેલા અલગાર પરિષદ કોન્કલાવ પણ આ જ વ્યુહનો એક ભાગ છે.ચાર્જશીટમાં ઉમેરાયું હતું કે માઓવાદીઓના સમર્થન ધરાવતી કોન્કલાવમાં પહેલી જાન્યુઆરીએ કોરેગાંવ ભીમામાં હિંસા ભડકી હતી.

૫૦૦૦ પાનાની ચાર્જશીટમાં ૧૦ વ્યક્તિઓનું નામ આપ્યુ હતું.જેમાં કાર્યકર્તાઓ સુરેન્દ્ર ગાડલિંગ,મહેશ રાઉત,સોમા સેન,રોના વિલ્સન એ સુધીર ધવાલેનો સમાવેશ થાય છે.આ તમામની ધરપકડ છઠ્ઠી જુને કરાઈ હતી.આ ઉપરાતં હાલમાં અંડરગ્રાઉન્ડ થયેલા મનાતા માઓવાદી નેતાઓ દીપક ઉર્ફે મિલિંદ તેલતુંમ્બડે, કિશનદા ઉર્ફે પ્રશાંત બોઝ,પ્રકાશ ઉર્ફે રિતુપર્ણ ગોસ્વામી દીપુ અને મગલુના નામો પણ સામેલ કરાયા છે.ચાર્જશીટમાં ઉમેરાયું છે કે રોના વિલ્સન અને ભાગેડું કિશનદા વડાપ્રધાન મોદીના હત્યાનું અને દેશ સામે યુધ્ધ છેડવાનું કાવતરું કરી રહ્યા હતા.અને તે માટે તેઓ શસ્ત્રો અનેસરંજામ ખરીદવાનું આયોજન કરી રહ્યા હતા.

## મહારાષ્ટ્રમાં મરાઠા સમુદાયને અનામત ક્વોટા આપવાનો રિપોર્ટ તૈયાર કરાયો

મહારાષ્ટ્ર સ્ટેટ બેકવર્ડ કલાસ કમિશને મરાઠા સમુદાયની સામાજિક અને આર્થિક સ્થિતિ અંગે તેનો રિપોર્ટ સુપરત કરી દીધો છે.જેમાં મરાઠા કોમ માટે ક્વોટાની તરફેણ કરવામાં આવી હોવાનું એક સરકારી સુત્રે કહ્યુ હતું.કમિશને મહારાષ્ટ્રના ચીફ સેક્રેટરી ડી.કે.જૈનને આ રિપોર્ટ સોપ્યો હતો.જૈને કહ્યુ હતું કે રિપોર્ટનો અભ્યાસ કર્યા પછી તેના માટે યોગ્ય નિર્ણય કરવામાં આવશે.સુત્રનું કહેવું છે કે રિપોર્ટમાં ઓબીસીના હાલના ક્વોટા સાથે છેડછાડ કર્યા વગર સરકારી નોકરી અને શૈક્ષણિક સંસ્થાઓમાં અનામતની માંગણીના ટેકામાં જુલાઈ અને ઓગષ્ટમાં વ્યાપક આંદોલન થયું હતું. આ મામલે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે કહ્યુ હતું કે અમને રિપોર્ટ મળી ગયો છે.હવે આગામી ૧૫ દિવસમાં જ તમામ ઔપચારિકતા પુર્ણ કરાશે. અગાઉ દિવસમાં અહેમદનગર જિલ્લામાં એક રેલીને સંબોધતાં ફડનવીસે કહ્યુ હતું કે આ કોમની માંગ પુર્ણ કરવા તરફ સંકેત આપ્યો હતો.તેમણે કહ્યુ હતું કે કેટલાક લોકોએ ૨૬ નવેમ્બરથી ક્વોટા માટે નવેસરથી આંદોલન કરવાની ધમકી આપીહતી.તમારે શ્રેય લેવા માટે આવું બધું કરવાની ક્યાં જરુર છે ?આંદોલન કરવાને બદલે તમે ઉજવણી માટે તૈયાર રહો.

ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## સંઘ એક રાજકીય સંસ્થા,અમારી સરકાર આવશે તો લગામ લગાવીશું : ચિદમ્બરમ

કોંગ્રેસના નેતા અને પુર્વ કેન્દ્રીય મંત્રી પી.ચિદમ્બરમે સંઘ પર નિશાન સાધતા કહ્યુ હતું કે સંઘ એક રાજકીય સંસ્થા છે. સરકારી કર્મચારી જ્યાં સુધી કાર્યરત હોય ત્યાં સુધી તેણે ખુલ્લેઆમ કોઈપણ રાજકીય પક્ષ સાથે ના જોડાવું જોઈએ. કોંગ્રેસે પોતાનો ચુંટણી ઢંઢેરો જાહેર કરતાં હિદુત્વનો નરમ ચહેરો ઉપસાવતાં વચનો આપવા સાથે સંઘ પ્રતિ કડક વલણો જાહેર કર્યા હતાં.કોંગ્રેસના ચુંટણી ઢંઢેરામાં કહેવામાં આવ્યું છે કેપોતે મધ્ય પ્રદેશમાં સત્તા પર આવશે તો સરકારી સંકુલમાં સંઘની શાખા નહીં યોજવા દે.ચિદમ્બરમે ચુંટણી ઢંઢેરામાં આપવામાં આવેલા વચનને સમર્થન આપતાં કહ્યુ કે સરકારી સંકુલોમાં ચાલતી સંઘની શાખાઓ બંધ કરવામાં આવશે તેમ કહેવું કંઈ ખોટું નથી.

આરએસએસ કોંગ્રેસના આ વલણથી રોષે ભરાયો હતો.ભાજપ પ્રવક્તા સંબિત પાત્રાએ કહ્યુ હતું કે એવું લાગે છે કે કોંગ્રેસનો એકજ એજન્ડા છે. મંદિર નહી બનવા દઈએ શાખા નહીં ચાલવા દઈએ.જો કે મંદિર અને સરકારી સંકુલોમાં ચાલતી શાખાઓ સાથે કોઈ સબંધ નથી.હકીકતે કોંગ્રેસે પોતાના ઘોષણા પત્રમાં કહ્યુ છે કે મધ્યપ્રદેશમાં પક્ષ સત્તા પર આવશે તો સરકારી ઈમારતો અને સંકુલોમાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની શાખાના આયોજનને મંજુરી નહી આપે. સરકારી કર્મચારીઓને શાખામાં ભાગ લેવા છુટછાટ આપતો આદેશ રદ કરશે.

## હૈદ્રાબાદના વૈજ્ઞાનિકોએ હવે હલાલ મીટને ઓળખવાની ટેકનિક શોધી કાઢી

રેસ્ટોરન્ટમાં પીરસાતા અને સુપર માર્કેટમાં હલાલ મીટને નાને વેચાતા મીટ શુ ખરેખર હલાલ મીટ હોય છે ? હૈદ્રાબાદના નેશનલ રિસર્ચ સેન્ટર ઓન મીટે દાવો કર્યો હતો કે પહેલી વાર તેમણે લેબોરેટરીમાં ટેસ્ટ વિકસાવ્યો છે. આ ટેસ્ટ પછી વૈજ્ઞાનિકો કહી શકશે કે મીટ હલાલનું છે કે નહીં.

એનઆરસીએમ ના વૈજ્ઞાનિકોએ જણાવ્યુ હતું કે આ ટેસ્ટ તેમને હલાલ કરવામાં આવેલા ઘેટાં અને વીજળીના ઝાટકાથી મારવામાં આવેલા ઘેટા પર કર્યુ હતું.આ પરીક્ષણ કર્યા પછી બંને ઘેટાના મીટમાં બહુ વધારે તફાવત જોવા મળ્યો. વૈજ્ઞાનિકોનં માલુમ પડ્યું હતું કે સુક્ષ્મ સ્તરે બંને મીટ બહુ અલગ છે.હલાલ કરવામાં આવેલા ઘેટાના મીટમાં પ્રોટીનનો વિશેષ સમુહ મળી આવ્યો. જે ઝટકાવાલા મીટમાં અલગ હતો.હવે વૈજ્ઞાનિકો બતાવી શકશે કે હલાલ મીટના નામે વેચવામાં આવી રહેલું મીટ વાસ્તવમાં હલાલનું છે કે નથી.વૈજ્ઞાનિકોએ દાવો કર્યો હતો કે હલાલ મીટની ઓળખ કરવા માટે આ વિશ્વનો પહેલો ટેસ્ટ છે. રકત જૈવિક રાસાયણિક માપદંડો અને પ્રોટિન સ્ટ્કચરની તપાસને આધારે હલાલ મીટની ઓળખ કરી શકાય છે.

## તામીલનાડુમાં વાવાઝોડા ગાજા નો ઉત્પાત : ૨૬ના મોત અને વ્યાપક નુકશાન

તામિલનાડુના દરિયાકિનારા પર ત્રાટકેલા વાવાઝોડા ગાજાએ વ્યાપક નુકશાન કર્યુ છે અને ૨૬ના મોત નિપજ્યા છે.રાજ્ય સરકારે૮૧૯૪૮ લોકોને સલામત સ્થળે ખસેડ્યા હતા.૪૭૦ જેટલા રાહત કેમ્પો ખોલવામાં આવ્યા હતા.પાડોશી રાજ્ય પાંડેચરીનાં પણ આ વાવાઝોડાથી નુકશાન થયું છે.માછીમારોને હજુ પણ દરિયો નહિ ખેડવાની સુચના આપવામાં આવી છે.

રાજ્ય સરકારે આપત્તીમાં માર્યા ગયેલાઓ માટે દસ લાખની સહાય આપવાની જાહેરાત કરી છે.છાપરા ધરાવતાં મકાનો ધરાશયી થયા છે.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવક્રાંતિ

કેન્દ્ર સરકાર અને રિઝર્વ બેન્ક વચ્ચેની ચકમક હાલ પુરતી શાંત પડી છે પરંતુ તે યુધ્ધ પહેલાની શાંતિ છે.કેન્દ્ર સરકારે લીધેલા કેટલાક આક્રમક નિર્ણયોને કારણે દેશની આર્થિક સ્થિતિ કથળી છે તેનો વસવસો રિઝર્વ બેન્ક દ્વારા છેલ્લા કેટલાક વખતથી કરવામાં આવી રહ્યો છે. જે નાણાં મંત્રીની સહન શક્તિની બહાર છે.તેથી કેન્દ્રીય સરકાર રિઝર્વ બેન્કને પોતાના તળીયા ચાટતી કરવા માટેની અવનવી તકનીકો જુદા જુદા કાયદા હેઠળ અજમાવવામાં આવી રહી છે.રિઝર્વ બેન્ક પર પોતાનો અંકુશ જમાવવા માટેના સરકારના ધમપછાડા કેટલે અંશે વ્યાજબી છે તે નક્કી કોણ કરશે ?પરંતુ હાલમાં તો તેની પર કાબુ જમાવવાના ભારે પ્રયત્નો ચાલુ છે.રિઝર્વ બેન્કના બોર્ડમાં સરકાર નિયુક્ત સભ્યો જે છે તે સંઘ પરિવારમાંથી આવે છે.જેઓ રિઝર્વ બેન્કને હસ્તગત કરવાની નેમ ધરાવે છે. જેટલા સરકારી સંસ્થાનો છે તેના પર તેમનો કાબુ મેળવવાના પ્રયત્નો ૨૦૧૪બાદ ભાજપાની સરકારે કર્યા છે.અને તેમાં સંઘના નેતાઓને મુકી આ સંસ્થાઓ પ ર પોતાનો કાબુ જમાવવા પ્રયત્ન આદર્યો છે જે યોગ્ય નથી.

સરકારની દલીલ એવી છે કે રિઝર્વ બેન્કની ભુમિકા સરકારને સહાયક હોવી જોઈએ.સરકાર માટે સલાહકારી નહીં. પરંતુ સરકારની આ દલીલ યોગ્ય નથી.સરકાર રાજકીય પ્રતિનિધિઓની બનેલી હોય છે તેમના માટે દેશ સબંધી નિર્ણયોની સાથે પોતાનું રાજકીય અસ્તિત્વ ટકાવવાનું હોય છે.જ્યારે રિઝર્વ બેન્કના સ્વાયત પદાધિકારીઓને એવી કોઇ રાજકીય મજબુરી હોતી નથી.થોડા સમય પહેલાં રિઝર્વ બેન્કના ઉચ્ચ અધિકારીઓએ સ્વાયત્તતાની માંગ બુલંદ કરી હતી.એનો મતલબ એ છે કે સરકારના બદ ઈરાદાઓની ગંધ તેમને આવી ગઇ છે.

સરકાર રિઝર્વ બેન્ક પાસેથી કેટલી ચલણી નોટો છાપવી તેનો એકાધિકાર છીનવી લેવા માંગે છે.રિઝર્વ બેન્ક બિન ચુંટાયેલ અને રાજકીય પક્ષાપક્ષીથી પર એવી સંસ્થા છે તેનું જતન કરવાને બદલે સરકાર તેને પોતાની ખંડીયા સંસ્થા બનાવી દેવા માંગે છે.લોકશાહીમાં લોકો પાસે આખરી સત્તા હોય છે એ બરાબર પરંતુ લોકોના મતથી ચુંટાયેલી સરકાર પોતે અન્ય તમામ સંસ્થાઓની સત્તા ખુંચવી લઇ પોતે સત્તાનો એકાધિકાર સ્થાપી દે તેના અનેક ભયસ્થાનો રહેલા છે.આવું કાર્ય દેશ માટે ભારે નુકશાનકારક છે.

દેશમાં કાનુન વ્યવસ્થા ખોરવી નાંખવી અને બંધારણને તોડી મરોડી નાંખવા માટેની એક વ્યવસ્થાનું આયોજન પધ્ધતિસર કરવામાં આવી રહ્યુ છે. મંદિરના પ્રશ્ને કોર્ટની કાર્ય પધ્ધતિમાં દખલગીરી કરવી અને એવુ વાતાવરણ તૈયાર કરવું જેથી ન્યાય પાલિકા પર તેની ગંભીર અસરો પેદા થાય. જો કે કેન્દ્રસરકારે ન્યાય પાલિકાને પોતાની રીતે તોડી મરોડીને ચલાવવા અને અનુકુળ બનાવવાના ભરપુર પ્રયાસો આદર્યા છે.સબરીમાલાના કેસમાં મહિલાઓના પ્રવેશ માટે સુપ્રીમ કોર્ટે આપેલા નિર્ણયનો અનાદર કરવા માટે ભાજપ અને સંઘ પરિવારના લોકોએ ભારે દખલગીરી કરવી અને કાયદો વ્યવસ્થાને તોડી નાંખવાનો સતત પ્રયત્ન કર્યો. તેનો મતબલ એ થાય છે કે તેમને ન્યાય પ્રક્રિયાને તોડી નાંખવી છે.જે લોકો દેશમાં રાજ કરે છે તેમના જ લોકો આ રીતે ન્યાય પાલિકાના નિર્ણયોને તિરસ્કાર કરીને તોડી મરોડી નાંખે તો તેને શું કહેવાય.ધાર્મિક લાગણીઓ કરતાં કાયદો સર્વોપરી છે. આ એજ સરકાર છે જેમણે મુસ્લીમ મહિલાઓના હક્ક માટે ભારે નિર્ણયો લીધા.આ એજ સરકાર છે જે તેમની હિંદુ મહિલાઓની આસ્થા માટે મંદિરના કપાટ ખુલવા છતાં મહિલાઓના પ્રવેશનો વિરોધ કરી રહ્યા છે.કટ્ટરવાદની ભાષા,કાયદાનું ઉલ્લંઘન અને ધર્માંધતાને સર્વોપરી સાબિત કરવાની નેમ દેશની લોકશાહી અને બંધારણે બક્ષેલી બિનસાંપ્રદાયિકતાને ઉથલાવી નાંખશે.જો કે આ એક ટેસ્ટ કેસ તરીકે ગણીએ તો આ લડાઇના પરિણામોનો આધાર ભવિષ્યમાં રામમંદિર ચળવળ પર પણ થઇ શકે છે.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# દેશની રાજધાની દિલ્હીમાં હવાની ગુણવત્તા ગંભીર રુપથી ખરાબ શ્રેણીમાં પહોચી જતાં દિલ્હીવાસીઓ પર ખતરો મંડાઇ રહ્યો છે

દેશની રાજધાની દિલ્હીમાં શ્વાસ લેવાનું મુશ્કેલ બની રહ્યું છે.દિલ્હીમાં હવાની ગુણવત્તા ગંભીર રુપથી ખરાબની શ્રેણીમાં પહોચવાની તૈયારીમાં છે.દિલ્હીમાં એર ક્વોલીટી ઈન્ડેક્સ ૩૯૨ નોધાયો છે.જે ખુબ ખરાબ શ્રેણીમાં આવે છે અને આ આંક જો ૪૦૦નો આંક પાર કરશે તો ગંભીર રીતે ખરાબની શ્રેણીમાં પહોચી જશે.હવાની ગુણવત્તા બગડતાં બાંધકામ પર રોક લગાવવામાં આવી છે. કોલસા ઉપરાંત અન્ય પ્રદુષણ ફેલાવતાં ઊદ્યોગોના કામકાજ પર ૧ થી ૧૦ નવેમ્બર સુધી પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.

ભારતીય હવામાન સંસ્થાના કહેવા અનુસાર વર્તમાન મોસમની હાલત પ્રદુષણ હટાવવા માટે બિલકુલ અનુકુળ નથી.હવાની ગતિના કારણે આગામી બે ત્રણ દિવસ સુધી આવી હાલત રહેશે.અહીં એ નોધવું જરુરી છે કે એર ક્વોલીટી ઈન્ડેક્સમાં શુન્ય અને ૫૦ વચ્ચેના એક્યુઆઇને સારો માનવામાં આવે છે.૫૧-૫૦ની વચ્ચે હોય તો સંતોષજનક,૧૦૧-૨૦૦ની વચ્ચે હોય તો મધ્યમ ૨૦૧-૩૦૦ સુધી હોય તો ખરાબ અને ૩૦૧થી ૪૦૦ની વચ્ચે ખુબજ ખરાબ માનવામાં આવે છે.તેમજ ૪૦૦ થી ૫૦૦ વચ્ચે હોય તો ગંભીર માનવામાં આવે છે.બીજી તરફ દિલ્હીમાં હવાની ગુણવત્તા ખરાબ થતાં ઉત્તરપ્રદેશ સરકારે નોઇડા વિસ્તારમાં ૧ થી ૧૦ નવેમ્બર દરમિયાન બાંધકામના કામો પર પ્રતિબંધ મુકી દીધો છે.નિષ્ણાતોના મતે ધુમ્મસના કારણે પ્રદુષક તત્વો વાતાવરણમાં ખુબ નીચા રહે છે.જેના કારણે દિલ્હીમાં હવાની ગુણવત્તા હાલના દિવસોમાં બગડી છે.

# એચ -૧ બી વિઝાના નિયમો વધુ આકરા બનાવતું ટ્રમ્પ શાસન



અમેરીકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીયોને અસર કરે તેવા વધુ એક આકરા પગલામાં એચ-૧બી વિઝા એપ્લીકેશન પ્રોસેસની વિધિને વધુ કડક કરી છે.આ નિયમ અન્વયે અમેરિકી કંપની દ્વારા વિદેશી નાગરિકોને રોજગારી આપતાં પહેલા હવે સંખ્યાબંધ પૃચ્છાઓ થશે અને કંપની પાસે કેટલા કર્મચારીઓ વિદેશી છે તેની રજેરજની માહીતિ સરકારને તેણે આપવાની રહેશે.સરકાર મંજુરી આપે તે પછી જ વિદેશી કર્મચારીને નોકરીએ રાખી શકાશે.ભારતીયો આ રીતે સૌથી વધુ નોકરીઓ કરે છે એટલે તેમને સીધી અસર થશે. એચ ૧બી વિઝા ભારતીય ટેક પ્રોફેશનલ્સમાં પ્રિય છે.અમેરિકી કંપનીઓ વિદેશી કામદારને થિયોરેટીકલ કે ટેકનીકલ જાણકારી સાથેની જોબ ઓફર કરતી હોય છે.જો કે ટ્રમ્પ વહીવટતંત્રએ હવે એવો નિયમ બનાવ્યો છે કે ત્યાંના લેબર ડીપાર્ટ.કોઇપણ કર્મચારીને નોકરી આપતાં પહેલાં તમામ વિગતો આપવાની રહેશે અને તેમની મુજરી લેવાની અનિવાર્ય રહેશે.લેબર વિભાગ કંપનીમાં ચોક્કસ સ્થાન માટે કોઇ સ્થાનિક કર્મચારીને કામ આપવાનું હોતું નથી તેમ લખી આપે તો પછી જ વિદેશી નાગરિકને કામે રાખી શકાશે. આ ઉપરાંત કંપનીએ એચ ૧-બી કામદાર તમામ દસ્તાવેજો પણ સરકારને આપવાના રહેશે.

# સબરીમાલાના કપાટ ફરી ખુલ્યા પણ પ્રતિબંધિત મહિલાઓ પ્રવેશી ના શકી

કેરળના સુપ્રસિધ્ધ શબરીમાલા મંદિરના કપાટ ફ રી એક વખત ખુલ્યા પણ તેની સાથે વધુ એકવાર લાંબા ઘર્ષણનાં મંડાણ થયા છે.મંદિરના કપાટ શુક્રવારે સાંજે દર્શન માટે ખુલ્યા હતા.સુપ્રીમ કોર્ટના આદેશ પ્રમાણે રજસ્વાલા મહિલાઓના પ્રવેશ માટે વ્યવસ્થા કરવામાં આવી હતી. પરંતુ,રુઢિચુસ્ત દેખાવકારોને પગલે ફરી એક વખત સુપ્રીમના આદેશનું પાલન થઇ શક્યું નથી.હિન્દુવાદી દેખાવકારોને પગલે ફરી એક વખત સુપ્રીમના આદેશનું પાલન થઇ શક્યું નહી.હિન્દુવાદી દેખાવકારોનાભારે વિરોધ વચ્ચે કેરળના આ મંદિરમાં દર્શન કરવા પહોચેલા સામાજિક કાર્યકર્તા તૃપ્તી દેસાઇ અને અન્ય છ મહિલાઓને એરપોર્ટ પરથી જ પુણે પરત જવાની ફરજ પડી હતી.તૃપ્તિ દેસાઇ અને તેમની સાથેની મહિલાઓના આગમન બાદ ભાજપ અને સંઘ પરિવારના કાર્યકર્તાઓ એરપોર્ટની બહાર દેખાવો કરવા લાગ્યા હતા.ના કારણે પોલીસે તૃપ્તી દેસાઇને પુણે પરત જવા માટે મજબુર કર્યા હતા.

તૃપ્તિ દેસાઇના કોચીમાં આગમન વખતે ત્યાં માત્ર ૧૦૦ જેટલા દેખાવકારો હતા પણ ત્યારપછી આ સંખ્યા વધી ગઇ હતી.દેખાવકારો એરપોર્ટના બધાજ દ્વાર પર અંડિંગો જમાવીને બેસી ગયા હતા.એ સમયે ભાજપ પ્રવક્તા શોભા સુરેન્દ્રને પણ કહ્યુ હતું કે અહીંથી જવા માટે કહેવુ પડશે કેમકે તેમને અહીંથી બહાર જવાની અનુમતી નહીં આપીએ.તૃપ્તી દેસાઇને અમારા નાસ્તિક મુખ્યમંત્રીનું સમર્થન છે.જેઓ ઇચ્છે છે કે એક મહિલા મંદિરમાં પ્રવેશે.પોલીસેની અપીલ પછી પણ તૃપ્તિ દેસાઇએ કહ્યુ હતું કે તેઓ ભગવાન અયપ્પાના મંદિરમાં પ્રવેશ કર્યા વિના પરત નહીં જાય.જો કે મોડી સાંજે પુણે જવાનો તેમણે નિર્ણય લીધો હતો. આ અગાઉ કોચી એરપોર્ટ બહાર દેખાવો કરી રહેલા એક્ટીવિસ્ટો કહ્યુ હતું કે તૃપ્તિ દેસાઇએ પરત જવું જોઇએ. જો તેઓ સબરીમાલા મંદિર જવા માંગે છે તો તેમને અમારી છાતી પર પગ મુકીને જવુંપડશે.સુપ્રીમના આદેશ પછી ત્રીજી વાર મંદિરના દ્વાર ખુલ્લા થયા હતા.પણ તમામ મહિલાઓને માટે પ્રવેશ શક્ય બન્યો નહોતો.મંદિર પરિસરમાં સરકારે ૧૫ હજારથી વધુ પોલીસ ફોર્સ ખડકી દીધી છે.આ ઉપરાંત કમાન્ડો અને ડિઝાસ્ટર રિસ્પોન્સ ટીમને પણ તૈનાત કરવામાં આવી છે.


કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે



# જન્મથી નાગરિકતા મળી જતાં અધિકારને ખતમ કરવા માટે ટ્રમ્પ શાસન કટિબધ્ધ

અમેરિકામાં બિન-અમેરીકી માતપિતાને ત્યાં જન્મેલા સંતાનને આપોઆપ અમેરિકી નાગરિત્વ મળી જવાનો સિલસીલો ટુંકસમયમાં બંધ થવાની શક્યતાઓ દેખાઇ રહી છે. અમેરિકી પ્રમુખ ટ્રમ્પે જણાવ્યુ હતું કે જન્મને કારણે આપોઆપ મળી જતાં અધિકારને ખતમ કરવા કોઇ બંધારણીય સુધારા કરવાની જરુર નથી.પરંતુ માત્ર કાર્યવાહક આદેશ કરીને પણ તે પરંપરા દુર કરી શકાય તેમ છે.

વ્હાઇટ હાઉસ ખાતે પત્રકારો સાથે વાતચીત કરતાં તેમણે કહક્યુ હતું કે બર્થરાઇટ સીટીઝનશીપન અંત આવવો જોઇએ. તેમણે કહ્યુ હતું કે આ કોઇ જટીલ કાનુની મુદો નથી કે તે પ્રથાને દુર ના કરી શકાય કે તેના માટે બંધારણીય સુધારો લાવવો પડે.માત્ર કાર્યવાહક આદેશથી જ તે પ્રથા બંધ કરી શકાય છે.

જો કે ટ્રમ્પે એમ પણ કહ્યુ હતું કે બર્થરાઇટ સીટીઝનશીપની પ્રથાનો સીલસીલો બંધ કરવા તેમનો પ્રથમ વિકલ્પ કોગ્રેસમાં મતદાન થશે કારણકે તે કાયમી સમાધાન બની રહેશે.પરંતુ તે વિકલ્પ ના હોય તો કાર્યવાહક આદેશની મદદથી પણ આ સીલસીલો બંધ કરી શકાય તેમ છે.તેમણે એમ પણ કહ્યુ કે આખરે તો સુપ્રીમ કોર્ટ જ તે અંગે નિર્ણય લેશે.અમેરિકી સેનેટર્સ જો કે બર્થરાઇટ સીટીઝનશીપ અંગેના ડોનાલ્ડ ટ્રમ્પના વિચારોની આલોચના કરી રહ્યા છે.

બર્થરાઇટ સીટીઝનશીપને ખતમ કરવાની ટ્રમ્પની વિચારણાએ અમેરિકામાં વસી રહેલા ભારતીય પ્રોફેશનલોને વળી નવી અનિશ્ચિતતામાં ધકેલી દીધા છે.એચ૧-બી વિઝા મેળવીને ગ્રીન કાર્ડ મેળવેલા પ્રોફેશનલ્સના જીવનસાથી એચ-૪ વર્ક વિઝા પર હોય છે. પરંતુ તેમને જો સંતાન થાય તો આપોઆપ અમેરિકી નાગરકત્વ મળી જવાની જોગવાઇ હતી. ગ્રીનકાર્ડ માટે અરજી કરી ચુકેલા ૩૦ હજાર ભારતીયો સામે આ સવાલ ઊભો થયો છે.બીનનિવાસી ભારતીયો માટે ટ્રમ્પ સરકાર મુશ્કેલી સર્જશે ?

# અમેરિકાએ ભારતની પેદાશોને જકાતમુક્ત રાહત આપવાનો ઇન્કાર કરતાં ૫૦ જેટલી પ્રોડક્ટ મુશ્કેલીમાં મુકાશે : નાના અને મધ્યમવર્ગ વેપારને ભારે અસર

અમેરિકાએ ભારતની નિકાસને ભારે અસર કરે તેવા એક પગલામાં તેની ૫૦ જેટલી પેદાશોની આયાત પર જકાતમુક્ત રાહત આપવાનો ઇન્કાર કરી દીધો છે.મોટાભાગે હેન્ડલુમ અને કૃષિ ક્ષેત્રોને આવરી લેતી આ પેદાશોને અમેરિકી પ્રમુખ ટ્રમ્પની લાલ આંખનો સામનો કરવો પડ્યો છે.મોદી સરકારે ઓગષ્ટમાં અમેરિકાથી આવતી ૨૯ પેદાશો પર ટેરીફની જાહેરાત તો કરી હતી પરંતુ તેને હજુ સુધી અમલમાં મુકી નથી.ટ્રમ્પે જો કે કોઇપણ શેહશરમ રાખ્યા વગર બદલો લઇ લીધો છે.ઉલ્લેખનીય છે કે અમેરિકાએ માર્ચમાં અમેરિકાએ આયાત થતાં સ્ટીલ પર ૨૫ ટકા અને એલ્યુમીનીયમ પર ૧૦ ટકા જકાત અમલી બનાવવાનું એલાન કર્યુ હતું. જેની અસર ભારત,ચીન, સહિત દુનિયાના અનેક દેશોને થઇ હતી. અમેરિકા સ્વદેશી આર્થિક સુરક્ષા માટે તેના નિર્ણયને જરુરી કહ્યુ હતું.તેના આ પગલાંના જવાબમાં ભારતે ઓગષ્ટમાં અમેરિકાથી આયાત થતાં અખરોટ,બદામ,સહિત ૨૯ ચીજો પર ટેરિફનું એલાન કર્યુ હતું.પરંતુ તેનો અત્યાર સુધી અમલ કર્યો નહોતો.મોદી સરકાર પોતાના આ નિર્ણયને લાગુ કરવાની ડેડલાઇન બે વખત વધારી ચુકી છે.

અમેરિકાએ એક નોટીફિકેશન જારી કર્યુ હતું. જેમાં જીએસપી હેઠળ કોઇ આયાત જકાત અમલી ન હતી. હવે અમેરિકા સરકાર આમાંથી ૫૦ વસ્તુઓ પર આયાત જકાત વસુલ કરશે.

# 2010માં ઇશનિંદા કેસમાં ફાંસીની સજા પામેલી મહિલા આરોપી આશિયાબીબીની ફાંસીની સજા સુપ્રીમે માફ કરીને દોષમુક્ત જાહેર કરતાં પાકિસ્તાનમાં વિરોધ

પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે તો એક ઐતિહાસિક ચુકાદો આપીને ઇશનિંદાની મહિલા આરોપી આશિયાબીબીની ફાંસીની સજા માફ કરીને દોષમુક્ત જાહેર કરી હતી.પાકિસ્તાનના મુખ્ય ન્યાયાધીશ સાકિબ નિસારની આગેવાની વાળી સુપ્રીમ કોર્ટની એક ખંડપીઠે ચુકાદો સંભળાવીને આશીયા બીબીની અરજી ગ્રાહય રાખીને તેમને નિર્દોષ છોડી મુકવાનો આદેશ કર્યો હતો.આશીયાબીબીનીને નિર્દોષ છોડી મુકવાનો ચુકાદો જાહેર કરતાં મુખ્ય ન્યાયાધીશ નિસારે કહ્યુ હતું કે આશીયા બીબીની ફાંસની સજાનો કોઇ અર્થ રહેતો નથી.આશિયાબીબીએ આઠ વર્ષ જેલમાં વિતાવ્યા છે તે સજા પુરતી છે તેથી તેમની ફાંસીની સજા માફ કરવામાં આવે છે.આશીયા બીબીને ૨૦૧૦ની સાલમાં નીચલી અદાલતે ઇશનિંદાના કેસમાં દોષિત ઠેરવીને ફાંસીની સજા ફટકારી હતી.૨૦૧૪માં લાહોર હાઇકોર્ટે આશીયાની ફાંસીની સજાને યથાવત રાખી હતી.આશીયાએ ફાંસની સજાના વિરોધમાં સુપ્રીમમાં અરજી કરી હતી.

ચુકાદો આવતાં જ પાકિસ્તાનમાં અલગ અલગ શહેરોમાં વિરોધ પ્રદર્શન શરુ થયું હતું. સુપ્રીમના ચુકાદા બાદ પ્રદર્શનકારીઓએ જીટી ૨ોડ સહિત ઓછામાં ઓછા ૨૧ સ્થળોએ ચક્કાજામ કર્યો હતો.અને સુપ્રીમના ચુકાદાનો વિરોધ કર્યો હતો. ૨૦૧૦માં આશીયા બીબી નામની ખ્રિસ્તી મહિલાએ તેના પાડોશી સાથે ઝગડો થયો હતો. ત્યારે તેણે ઇસ્લામનું અપમાન કર્યુ હતું.તેથી ઇશનિદાના આરોપસર તેણીને દોષિત ઠેરવીનેફાંસીની સજા ફટકારવામાં આવી હતી.પાકિસ્તાનમાં કટ્ટરતાવાદીઓ દ્વારા અનેક ખ્રિસ્તીઓ અને અન્ય ધર્મીઓને ઇશનિંદા કેસોમાં ફસાવીને તેમને જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે.


**વિનંતી**



**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૯૯
૯૮૨૪૩૬૨૪૬૨


અનુ. પાન નં ૪ નુ ચાલુ

મદદરુપ થાય છે.તેમના આ અભ્યાસ પરથી એ પ્રસ્થાપિત થયું છે કે ફેફસાં, સ્તન, પ્રોસ્ટેટ,લીવર અને ગર્ભાશય જેવા કેન્સરમાં લગ્ન વ્યક્તિન લાંબા સમય સુધી જીવવામાં મદદરુપ બને છે.લગ્નને કારણે મળનારી સામાજિક મદદ લોકોને આ બિમારીમાંથી બહાર લાવવામાં મદદ કરે છે.કેન્સરની સારવારમાં કેમોથેરાપી કરતાં લગ્ન વધુ અસરકારક હોય છે.આંકડાકીય છેતરપીડીં કરવી હોય તો કહેવાય કે પ્રત્યેક એક ૧૦૦૦ હજાર પરણેલી વ્યક્તિએ માંડ એક વ્યક્તિને કેન્સર થાય છે.

આ સંશોધનોના આધારે લગ્ન લક્કડ કા લાડુ, ખાય વો ભી પછતાય અને નખાય વો ભી પછતાય. એ કહેવતનો શો બોધ લેવો કે ગુઢાર્થ સમજવો એ તારવવામાં સ્વાભાવિક રીતે જ કોમનમેન ગુંચવાઇ જાય ને નિષ્ફળ જાય છે. લાડુ એ પછી તિરુપતિ મંદિરના હોય કે સ્વામીનારાયમ મંદિરના, સ્વાદિષ્ટ જ લાગે.પણ લગ્ન નામક લાડુ, વિશે તો માત્ર ધાર્મિક જ નહી ,તમામ ક્ષેત્રોમાં વાદવિવાદ છ. તેની કોમનમેનને વારંવાર પ્રતિતી થાય છે.આ વાદ વિવાદનો પુરાવો નેશનલ ક્રાઇમ રેકોર્ડસ બ્યુરોના ૨૦૧૨ના અહેવાલમાંથી મળ્યો.આ અહેવાલની વિગતો શિકાગો જુથ ના તારણોથી અલગ છે.કદાચ એવું હોય. બ્યુરોના ૨૦૧૨ના અહેવાલ મુજબ લગ્ન જીવનમાં ધીરજના અભાવે સહનશક્તિના અભાવે કે અન્ય કારણોસર પેદા થતા તનાવનું પ્રમાણ વાંઢા કરતાં માંડેલામાં ગુજરાતમાં વધારે છે.આ તનાવની સંખ્યા ગુજરાતમાં પરિણીતોમાં ૪૫૦ હતી .જ્યારે અપરણિતોમાં ૧૬૨૫ હતી. જ્યારે ઘરભંગ (વિધુર-વિધવા)માં ૩૧૪, છુટાછેડા લીધેલામાં ૧૧૦ અને છુટા પડી ગયેલામાં ૧૧૧ હતી. ધીરજ ગુમાવવાના જુદા જુદા કારણો આ પ્રકારે હતા. સબંધોમાં નિષ્ફળતા (૧૨૩)કૌટુંબિક પ્રશ્નો (૧૨૨૯),પ્રેમમાં નિષ્ફળતા (૨૭૮),બેરોજગારી(૨૨૪),માંદગી (૯૯૧). આ અને આવા કારણોથી ધીરજ ગુમાવવાનું સાહસ કરતાં પ્રત્યે સકારણ સહાનુભુતિની લાગણી જન્મે. સૌથી વધુ ચિંતાનો વિષય કોમનમેનને એ લાગે છે કે ધીરજના અભાવનું સૌથી વધુ પ્રમાણ ૧૫ થી ૨૯ વર્ષના વયજુથમાં (૨૮૦૦)કિસ્સા હતા.૩૦ થી ૪૮ વયજુથમાં (૨૪૩૨),૪૫-૪૯ના વયજુથમાં (૧૩૩૧)અને ૫૦ થી વધુ વયજુથમાં ૪૩૮ કિસ્સાઓ હતા. જેમ જેમ વ્યક્તિની ઉંમર વધતી જાય તેમ ડહાપણ પણ વધતું હશે તેથી ધીરજનો અભાવ ઘટતો જાય અને ધીરજનું પ્રમાણ વધતું જાય એ આ આંકડા પુરવાર કરે છે.આ વિગતોની જાણકારી પછી વરિષ્ઠ નાગરિકો યુવાનોને એક કહે તે સ્વાભાવિક છે.મુજ વીતી તુજ વીતશે ધીરી બાપુડીયા. વૃધ્ધાશ્રમોની વધતી સંખ્યા અને યુવાનોમાં ધીરજના અભાવના આંકડા. આ બે ફલિતાર્થો સૌને સમજાય એવી કોમનમેન પ્રાર્થના કરે છે.

લેખકઃ હસમુખ પટેલ ()સૌ.સંદેશ)

## જાણવા જેવું

સૌથી પહેલો ઝુલતો પુર ૧૮૨૬માં મનાઇની સામુદ્રધુની પર બાંધવામાં આવ્યો હતો.

સિધ્ધપુરનો રુદ્રમાળ અગીયાર મજલાનો હતો અને તેના અગીયારમાં માળ પરથી અઢાર માઇલ દુરનું સહસ્ત્રલીંગ તળાવ જોઇ શકાતું હતું.

ચારસો વર્ષ પહેલાં શોધાયેલું થર્મોમીટર તાવ સિવાયના પણ અનેક તાપમાનો માપવામાં વપરાય છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# ટુ બી ઓર નોટ ટુ બી, જેવી સ્થિતિ જીવનમાં વારંવાર આવે

કહેવતો અને રૂઢિપ્રયોગોમાં વ્યક્ત થતા વિચારોમાં અનુભવોનો અર્ક હોય છે.કોઇ હકીકત કે વિચાર સમજાવવા માટે એક લાંબો લચ નિબંધ લખવો પડે તેમ હોય ત્યાં ત્યારે કહેવત કે રૂઢિપ્રયોગ એક વાક્યમાં બધું સમજાવી દે છે. આથી જ કોમનમેનને કહેવત જાણવાની, સમજવાની કે કહેવાની ઓર મજા આવે છે.ક્યારેક એવું બને કે,બે કહેવતો પરસ્પર વિરોધાભાસી હોય ત્યારે સ્વાભાવિક રીતે જ કોમનમેનના મનમાં દ્રિધા પેદા થાય છે.દાખલા તરીકે, બોલે તેના બોર વેચાય,અને ન બોલ્યામાં નવ ગુણ.જો કે આવી દ્વિધાભરી કે હેમલેટની જેમ ટુ બી ઓર નોટ ટુ બી, જેવી સ્થિતિ કોમનમેનના જીવનમાં વારંવાર આવતી હોય છે.તેથી કોમનમેન એમાંથી રસ્તો કાઢવાનો પ્રયત્ન કરી લે છે.આવી એક કહેવત : ધીરજના ફળ મીઠા( જો કે ટાઈપ સેટ કરવામાં મીઠા ને બદલે માઠા થઈ જાય તો ,અર્થનો અનર્થ થવાની સો ટકાની ખાતરી આપવામાં ખોટા પડવાની એક ટકાની પણ સંભાવના નથી.)પ્રશ્ન એ તો ખરોજ કે ધીરજના ફળ મીઠા કે માઠા ?

અમેરિકાના શિકાગોની ગ્રેજ્યુએટ સ્કુલ ઓફ બીઝનેસ જે તેના દાતા ડેવીડ બુથના નામથી શિકાગો બુથ નામે ઓળખાય છે.શિકાગો બુથ ના અર્થશાસ્ત્રી યુજીન ફામાને અર્થ શાસ્ત્રના નોબેલ પારિતોષિકના ત્રણમાંના એક વિજેતા જાહેર કરાયા છે.આ શિકાગો બુથના સંશોધક એપલેટ ફિશબેશના અભ્યાસ દ્વારા ધીરજના ફળ મીઠા કહેવતને વૈજ્ઞાનિક આધાર સાંપડ્યો છે.આ અભ્યાસ મુજબ જો કોઈ બાબતમાં રાહ જોવાની આદત હોય તો તે લાભદાયક પુરવાર થઈ શકે છે કારણકે આ પ્રકારની આદતથી વ્યક્તિની ધીરજવૃત્તિમાં વધારો થાય છે. પરિણામે ખાસ કરીને આર્થિક બાબતો અંગેના નફાકારક કે લાભદાયી નિર્ણયો લઈ શકે છે. ધીરજ અંગેની આ ઐતિહાસિક મુલવણી લોકો સમક્ષના ટુંકા ગાળાના અને લાંબા ગાળાના વિકલ્પોને નજર સમક્ષ રાખીને કરાઈ હતી.વ્યક્તિ વર્તમાન સમયનું મુલ્યાંકન પ્રમાણમાં વધુ કરે છે જ્યારે ભવિષ્યના મુલ્યાંકનની અવગણના કરે છે.તેવી માન્યતા છે. પણ ખરેખર,જો વ્યક્તિ નિર્ણય લેવામાં ધીરજ રાખે, પ્રતિક્ષા કરે તો વળતર વધુ મુલ્યવાન બને છે.એવું તારણ ફીસબેશે સંશોધન પછી કાઢ્યું છે.ફિશબેશ અને તેમના સાથી ઝીઆની દાઈએ ધીરજના અતિ મુલ્યવાન હોવાના આ નિર્ણય પર પરિક્ષણ કરવા માટે ચીન, હોંગકોંગ અને અમેરિકામાં સંખ્યાબંધ પ્રયોગો કર્યા હતા.શિકાગોની બુથ સ્કુલ બિઝનેસના અર્થશાસ્ત્રીને અર્થશાસ્ત્રનું નોબેલ પારિતોષિક મળે તેને કોમનમેનને નવાઈ નથી લાગતી કારણકે ધીરજ વિશેની તેમની શોધને કારણે કોમનમેનને ધીરજપુર્વક કોઈપણ બાબતમાં નિરાં તે શ્વાસ લેવાની સગવડ થઈ છે.જો કે અર્થશાસ્ત્રી યુજીન ફામાએ અર્થશાસ્ત્રના જે સિંધ્ધાંતોની ચર્ચા માટે અન્યોને પુરસ્કરાર પ્રાપ્ત થયો પણ યુજીન ફામાને નોબેલ પુરસ્કાર માટે દશ વર્ષોથી વધુ સમય ધીરજમાં વીતાવવા પડ્યા હતા.ધીરજના ફળ મીઠા તે આને કહેવાય. એ કહેવત તેમના માટે સાછી અને સફળ પુરવાર થઈ છે એમ કોમનમેન માને છે.

ધીરજના ગુણ આર્થિક રીતે જ ફાયદા કારક છે તેવું નથી.સામાજિક દષ્ટિએ પણ ધીરજનો ગુણ ધેર્યવાનને ઉપયોગી થાય છે.મિશિગન સ્ટેટ યુની.ના સંશોધકોએ એક અભ્યાસ બાદ એવું સિધ્ધ કર્યું છે કે લગ્ન લાંભા ગાળા સુધી હતાશા અને દુઃખ સામે રક્ષણ આપે છેકારણકે લગ્નથી ધીરજના ગુણનો વિકાસ થાય છે. કોમનમેન તો, એટલે સુધી કહેવાત તૈયાર છે કે લગ્ન દ્વારા ધીરજના ગુણની કસોટી થાય છે. આ સંશોધન મુજબ અપરણીત, વાંઢા કરતાં પરિણીત વ્યક્તિ હતાશાને પહોચી વળવા વધુ સક્ષમ હોય છે.બ્રિટનના જાણીતા અખબાર ડેઈલી મેઈલે આ અભ્યાસના તારણ ટાંકી જણાવ્યું છે કે સરેરાશ લોકો લગ્ન કર્યા બાદ વધારે ખુશ હોય છે. કુંવારાપણામાં જે ખુશી હોય છે તેના કરતાં લગ્નજીવનમાં વધુ ખુશી હોય છે. એ તે પણ લાંબાગાળાની. અમેરિકન સંશોધકો જણાવે છે કે તે મુજબ પરિણિત કેન્સરના દર્દીઓ અપરિણીત દર્દીઓની તુલનામાં વધુ જીવે છે.વાસ્તવમાં કેટલ ાક પ્રકારના કેન્સરમાં કેમોથેરપી કરતાં પરિણીત હોવું એ વધુ અકસીર ઈલાજ પુરવાર થાય છે.એમ બોસ્ટનના હાવર્ડ મેડિકલ સ્કુલના ડોકટર એથલ આઈજરે જણાવ્યું હતું.પરણિત દર્દીઓના કેન્સરના પ્રારંભિક તબક્કામાં જ નિદાન થઈ જવાથી રોગનો સમયસર યોગ્ય ઈલાજ થઈ જાય છે.જે દર્દીના આયુષ્યને લંબાવવામાં

અનુ. પાપાન.નં ૩ ઉપર

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# દાદા ઉર્ફે દદુ

મથુર વસાવા (ઉના)

બાળ ઉછેરમાં કેવળ માં-બાપ કરતાં નથી,પરંતુ દાદા-દાદી પણ બાળ ઉછેરમાં સહભાગી બનતા હોય ચે. માતા-પિતા નોકરી,કામ કે વ્યવસાયે જાય તે સમયે બાળ ઉછેર દાદા-દાદી જ કરતાં હોય છે. દાદા-દાદી ના સહયોગથી માં-બાપને ઘણી મોટી રાહત મળીજિતી હોય ચે. કુટુંબમાં દાદા એક વડલા જેવા હોય છે. જેમ વડલાં પર ભાત-ભાતના પંખીઓ આવી આશરો લે છે તેમ દાદા બાળકોને આશરો અને વહાલ આપતા હોય છે.દાદીનો ખોળો પણ પ્રેમથી ભર્યો ભર્યો હોય છે. તેથી બાળક તે ખોળામાં સહજ ભાવે અને નચિંતપણે રમતું જોવા મળતુ હોય છે.બાળક નાનું હોય તે વખતે દાદા-દાદીના ખોળામાં નિરાંતે રમતું હોય છે. બાળકનું રડવાનું ઉપડે ત્યારે દાદા તેને હસાવતા હોય છે.બાળકને હસાવવાનો મંત્ર તો દાદા પાસે અજીબ હોય છે. દાદા બાળકને હિંચકો નાંખે અને બાળક મલકાય. મલકાતા બાળકને જોઈને દાદામાં ખુશીની કેવી લહેર ઉઠતી હશે ?

એક પરિવારમાં બાળકને દાદા-દાદી સાથે અતુટ પ્રેમ બંધાઈ ગયો. બાળકના માં-બાપ શહેરમાં રહીને નોકરી કરતા અને વાર તહેવારે ગામડે આવતાં. બાળકને પાંચ વર્ષ પુરા થયા બાદ તેના દાદા-દાદી તે બાળકને શહેરમાં રહેતા માંબાપને ઘેર મુકવા ગયા. અને ત્યાં બાળકને પહેલાં ધોરણમાં શહેરની કોઈ શાળામાં દાખલ કર્યો.મહિનો પુરો ના થયો અને તેના માં-બાપને તે બાળક રડતાં રડતાં કહેવા લાગ્યું કે મમ્મી પપ્પા મને દાદા દાદી જોઈએ. વારંવાર બાળક દાદા દાદીને યાદ કરવા લાગ્યું. આખરે માંબાપ તે બાળકને ગામડે મુકી આવ્યા અને ગામની જ શાળામાં પહેલા ધોરણાં દાખલ કરવામાં આવ્યો. આજે પણ બાળક માં-બાપ સાથે રહેવાનું ઓછું અને દાદા-દાદી સાથે વધુ રહેવાનું પસંદ કરે છે.મારી શાળામાં એક દાદા એક ભાઈ-બહેનને મુકવા અને લેવા દાદા જ આવે છે. છાત્રાલયમાં એક દાદા પોતાના પૌત્રને મુકવા દાદા જ આવે છે. અને આ પ્રકારનુ દશ્ય હું છ વર્ષથી જોઉ છું.

નાના બાળકનું ધ્યાન દાદા-દાદી હરતા ફરતાં જ આપતા હોય છે.બગીચામાં જ્યારે દાદા બાળકને હીંચકો નાંખે ત્યારે બાળક આનંદ જ આનંદ પ્રાપ્ત કરતું હોય છે.બાળકોને હિંચકો પ્રિય તો હોય જ પણ આજે મોટી ઉંમરના વ્યક્તિઓને પણ પ્રિય હોય ચે.શહેરના એક બગીચામાં અમારે જવાનું થયું.બગીચાના મુખ્ય દરવાજાની બિલકુલ સામે એક સુચના લખેલી હતી.પાંચ વર્ષથી વધારે ઉંમરની વ્યક્તિએ હિંચકા પર બેસવું નહીં.બગીચામાં થોડે આગળ વધતા અમે હિંચકા જોયા. હીંચકા પાંચથી વધારે નહીં પણ ત્રીસથી વધારે ઉંમરની વ્યક્તિઓ હિચકાની મોજ લઈ રહી હતી.દાદા બગીચામાં બાળકને લઈ જઈ રંગ બેરંગી તાજા ફુલો બતાવતા હોય છે.ફુલોને જોઈને બાળક અને દાદા ફુલોની દુનિયામાં ખોવાઈ જતા હોય છે.આકાશમાં મેઘધનુષ બતાવીને સપ્ત રંગોની ઓળખ આપતા હોય ત્યારે એવું લાગે છે કે જિંદગીના વિવિધ રંગો શીખવી રહ્યા હોય. સુખ અને દુઃખના પાઠ શિખવી રહ્યા હોય તેમ લાગે.

પરિવારમાં એવી પણ ઘડી આવે જ્યારે દાદા-દાદી તરફથી પ્રેમ મળે ત્યારે દાદા-દાદી તરફથી અઢળક પ્રેમ પૌત્ર તરફથી મળતો હોય છે.જીવનમાં દાદા-દાદીને બે દીકરાઓનો ઉછેર કરતાં હોય છે.એક પુત્ર અને બીજો પૌત્ર.બંન્નેનો ઉછેર ખુબ પ્રેમથી કરતાં હોય છે. બાગબાન ફિલ્મ આપણા માટે ખુબ મોટી પ્રેરણાત્મ ફિલ્મ છે.બાગબાન ફિલ્મમાં દાદા-દાદી પુત્ર,પુત્રવધુ અને પૌત્રની આજની કૌટુંબિક વાસ્તવિક પરિસ્થિતિ દર્શાવવામાં આવી છે. બાગબાન ફિલ્મમાં દાદા દાદીની કરુણ સ્થિતિ જોઈને દડદડ અશ્રુ જાય વહી તેમ છે. દાદા દાદીને અનેક ઘટનાઓમાંથી નીકળવું પડતું હોય છે.આવી આજના કુટુંબની વાસ્તવિકતા પરિસ્થિતિ આજે છાપરે ચડીને પોકારી રહી છે.ઘડપણમાં દાદા દાદીને કૌટુંબિક સમસ્યાઓ નડતી હોય છે.એક વિઘ્ન દુર થાય ત્યારે બીજુ આંગણે ઊભુ હોય છે.ઘડપણની વાસ્તવિક સ્થિતિ ભક્ત કવિ નરસિંહ મહેતાએ સાચું જ કહ્યુ છે "ઘડપણ કોણે મોકલ્યું, જાણ્યુ જોબલ રહે સહુકાળ... ઉંબરા થયા ડુંગરા થયારે, પાદરા થયા પરદેશ" ગયા વર્ષેજ એક નાની વાર્તા વાંચી તો આ લેખ લખતાં મને યાદ આવી જાય છે. પિતાના મૃત્યું બાદ દીકરાએ એની માતાને વૃધ્ધાશ્રમમાં મુકી તે દર પંદર દિવસે ત્યાં જતો અને મુલાકાત લેતો. એક વાર અચાનક વૃધ્ધાશ્રમમાંથી ફોન આવ્યો કે તારી માતા ખુબ બીમાર છે. તેથી મળવા તત્કાલ આવજે. દિકરો એજ દિવસે આવ્યો અને જોયું તો એની માતા મરણ પથારીએ અંતિમ શ્વાસ લઈ રહી હતી. છોકરાંએ ભારે હૃદયે માતાને પુછ્યું માં,તારી અંતિમ ઈચ્છા કંઈ છે ? માએ કહ્યુ આ વૃધ્ધાશ્રમમાં પંખા નથી એટલે તું નંખાવી દેજે. બસ આ જ મારી અંતિમ ઈચ્છા છે.છોકરાને અચંબો થતાં માને પુછ્યું કે માં તું છેલ્લા ઘણા વર્ષથી અહી રહેછે અને અંતિમ ઈચ્છામાં આવી જ માંગ કેમ પ્રગટ કરી ? માતાએ કહ્યુ હું ગરમીમાં રહેવા ટેવાયેલી છું.એટલે જેમ તેમ દિવસો પસાર કરી દીધા છે.પણ મને ખ્યાલ છે તને પંથા વગર નહીં ચાલે જયારે તારા દિકરા તને અહીં મોકલશે.

મહાન તત્વચિંતક એમર્સને કહ્યુ છે વૃધ્ધો સાથે ખરાબ વર્તન કરતી વખતે એ વાત યાદ રાખવી કે તમે પણ વૃધ્ધ થવાના. આ ધરતી પર જેનો જન્મ થયો છે. તેનું મૃત્યું નિશ્ચિત હોય છે તેમ બાળકને પણ એક દિવસ વૃધ્ધ થવું નિશ્ચિત હોય છે.દુનિયાના દરેક એકદાદાને બાળક, યુવાન, પિતા અને વડીલમાંથી પસાર થવું પડતું હોય છે. દાદા પાસે અનુભવની ડાયરી હોય છે. દાદા પાસેથી જીવન જીવવાની કળા શીખી શકાય છે. તો ચાલો, આપણા કુટુંમ્બમાં વસતા દાદા દાદીને પુરા હૃદયથી સ્વીકારીએ. ઘડપણમાં શુશ્રુષા કરીએ. પ્રેમ કરીએ તેથી જ દાદા દાદી ઘડપણ વહાલું લાગશે.

જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386

## જાણવા જેવું

જાપાનમાં ક્યોનામ્બા નામનો માણસ આપણે પગે ચાલીએ છીએ તેટલીજ ઝડપી તે માથું જમીન પર મુકીને માથાથી ચાલી શકે છે.આ માણસ માથાથી દાદર પણ ચડી ઉતરી શકે છે.

ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃએ. એમ. મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.